નં.ભ.ન.પા/મહેકમ/જા.નં.૪૧/૨૦૨૧ ઓ.ફોન.નં–૦૨૮૩૭–૨૨૪૦૨૮

# ભચાઉ નગરપાલિકા
# સફાઈ કામદાર ભરતીની જાહેરાત

ભચાઉ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી અને બઢતી સેવાઓની શરતો માટેના નિયમો મુજબ સ્વીપરો (સફાઈ કામદારો) માટે ની તાઃ–૨૩/૧૦/૨૦૧૭ ના પરિપત્ર મુજબ ભરતી કરવાની થાય છે.જે મુજબ ના નિયત અરજી ફોર્મ નગરપાલિકા કચેરી–ભચાઉમાંથી મેળવી તારીખઃ–૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટથી મોકલી આપવા જાણ કરવામાં આવે છે.

**જગ્યાનું નામ :– સફાઈ કામદાર**

**જગ્યાની સંખ્યા :– ૭**

| કુલ સંખ્યા | | | |
|---|---|---|---|
| બિન અનામત | સા.શૈ.પ | અ.જ.જા | કુલ |
| ૪ | ૨ | ૧ | ૭ |

અરજી ફોર્મમાં જોડવાની થતી વિગતો,શરતો,નિયમો તથા અન્ય બાબતો વિગેરે મહેકમ શાખા નગરપાલિકા કચેરી–ભચાઉ ખાતે કચેરી સમય દરમ્યાન તથા નગરપાલિકા–ભચાઉની વેબસાઈટ www.bhachaunagarpalika.org પરથી મેળવી શકાશે.

**તાઃ–૧૦/૦૩/૨૦૨૧**

મુખ્ય અધિકારી
ભચાઉ નગરપાલિકા

# ભચાઉ નગરપાલિકા
## નગર સેવા સદન,ભચાઉ–કચ્છ.
## પીન.૩૭૦૧૬૫
ફોન નં.(૦૨૮૩૭) ૨૨૪૦૨૮,ફેક્ષ : ૨૨૩૦૬૦
ઈ–મેઈલ : np_bhachau@yahoo.co.in


## સ્વીપરો (સફાઈ કામદારો)ની ભરતી માટેનું અરજી ફોર્મ

અરજી ક્રમાંક

..................

ફોટો

પુરૂ નામ :–,..................................................

કાયમી સરનામુ :–,.............................................

▶ હાલનુ સરનામું :–,...........................................

▶ હાલમાં કામ/ફરજ પરના સ્થળની વિગત :– ............................

▶ શૈક્ષણિક લાયકાત (માર્કશીટ/રીઝલ્ટ સામેલ રાખવુ):–,..........................

જાતિ :–,(પુ/સ્ત્રી)...................ધર્મ :–.............................

▶ જાતિ/પેટા જાતિ :–(અ.જા /અ.જ.જા/ સા.શૈ.પ/આર્થિક પછાત/ અન્ય) .................

▶ ઉંમર વર્ષ :–(જન્મનો દાખલો કે સ્કુલ પ્રમાણપત્ર સાથે જોડવુ),.........................

▶ આધાર કાર્ડ નંબર :–(સાથે જોડવુ)....................................

અનુભવ :–(હા કે ના)–(હા તો પ્રમાણપત્ર જોડવુ)...............................

નોંધ:– ▶ નિશાની વાળી વિગતોની સ્વપ્રમાણિત નકલ જોડવી.

નામ............................

સરનામુ.........................

મોબાઈલ નં......................

સહી/–..........................

રવાના :–

મે.શ્રી ચીફ ઓફિસરશ્રી ,ભચાઉ નગરપાલિકા–ભચાઉ(કચ્છ).

# ભચાઉ નગરપાલિકા
## નગર સેવા સદન,ભચાઉ–કચ્છ.
## પીન.૩૭૦૧૬૫
ફોન નં.(૦૨૮૩૭) ૨૨૪૦૨૮,ફેક્ષ : ૨૨૩૦૬૦
ઈ–મેઈલ : np_bhachau@yahoo.co.in

## સ્વીપરો (સફાઈ કામદારો)ની ભરતીનાં નિયમો તથા શરતો

(૧) નગરપાલિકાના કર્મચારીઓની ભરતી અને બઢતી સેવાઓની શરતો મુજબ સ્વીપર(સફાઈ કામદારો)ની તાઃ–૨૩/૧૦/૨૦૧૭ ના પરિપત્ર મુજબ ભરતી કરવાની રહેશે.

(૨) રાપર નગરપાલિકાની કુલ મંજુર થયેલ સફાઈ કામદારની જગ્યાના ૫૦ % જગ્યાઓ પૈકી ખાલી પડેલ જગ્યાઓ ભરવાની રહેશે.

| | | |
|---|---|---|
| કુલ મંજુર સફાઈ કામદારની જગ્યા | :– | ૩૫ |
| અગાઉ ભરાયેલ સફાઈ કામદારની જગ્યા | :– | ૦૩ |
| ૫૦ % અનુસાર ભરવાપાત્ર જગ્યા | :– | ૧૬ |
| સફાઈ કામદારની ભરાયેલ જગ્યા | :– | ૦૯ |
| બાકી રહેતી ભરવાપાત્ર સફાઈ કામદારની જગ્યા | :– | ૦૭ |

| કુલ સંખ્યા | | | |
|---|---|---|---|
| બિન અનામત | સા.શૈ.પ | અ.જ.જા | કુલ |
| ૪ | ૨ | ૧ | ૭ |

(૩) નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/બઢતી અને કર્મચારીઓની નોકરીની શરતો અંગેની કલમો/ નિયમો અન્વયેના મંજુર થયેલ નિયમોની જોગવાઈઓને માન્ય પ્રક્રિયા અનુસરીને ભરવાની રહેશે.

(૪) સરકારશ્રીના તાઃ–૦૮/૦૫/૨૦૧૬ના ઠરાવ મુજબ ની સીધી ભરતીની નિમણુક પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્ષ પગારના અજમાયશી તરીકે કરવાની રહેશે.આ અંગેના સરકારશ્રીના વખતો–વખતના ઠરાવો/હુકમોનો અમલ કરવાનો રહેશે.સરકારશ્રી કક્ષાએથી ફિક્ષ પગારની પ્રથા રદ થયેથી આ નિયમ આપોઆપ રદ થયેલ ગણાશે.

(૫) આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર/અનામત અંગેની જોગવાઈઓ ને ધ્યાને રાખી ભરવાની રહેશે.

(૬) જાહેરાતના અનુસંધાને આવેલ અરજીઓ પૈકી લાયકાત ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના રહેશે.

(૭) અરજી કરનાર ઉમેદવારે રૂા.૩૦૦/– (ત્રણસો પુરા) ફી ડિમાન્ડ ડ્રાફટ કે પોસ્ટલ ઓર્ડરથી ભરવાની રહેશે.અનામત વર્ગના ઉમેદવારોએ કોઈ ફી ભરવાની રહેશે નહી.

(૮) અરજી સાથે પછાત વર્ગ કે અનુ.જાતિ કે જન જાતિનું સક્ષમ ઓથોરીટીનુ સર્ટીફિકેટ જોડવાનુ રહેશે.

(૯) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત ધોરણઃ–૪ (ચાર) પાસ તથા લખી વાંચી શકે તેવાની રહેશે.

(૧૦) કોઈપણ જગ્યા માટેની ઉંમર લઘુતમ ૧૮ વર્ષની રહેશે.જયારે મહતમ વય ૨૮ વર્ષની રહેશે.અનામત જગ્યાઓ માટે તથા ના વાંધા પ્રમાણપત્ર મેળવેલ સરકારી કે અન્ય અર્ધ સરકારી કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે જ છુટછાટ રહેશે.

**નોંધ :–** અરજી ફોર્મ ભરતા તમામ ઉમેદવારોએ ઉકત નિયમો તથા શરતોને આધીન રહી અરજી કરવાની રહેશે.

મુખ્ય અધિકારી
નગરપાલિકા–ભચાઉ